પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૭૩ | ૩ સપ્ટેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં નબળા ચોમાસાનો વર્તારો

**સપ્ટેમ્બરમાં સામાન્ય કરતા વધુ વરસાદ છતાં પણ નબળા ચોમાસાની આગાહી : ભારતીય હવામાન વિભાગને જૂનની આગાહીમાં સુધારો કરવા ફરજ પડી : પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં સામાન્યથી ઓછો, ગુજરાત, પશ્ચિમ રાજસ્થાન અને ઓડિશામાં વરસાદની અછતની શક્યતા**

નવી દિલ્હી, તા.૨

સપ્ટેમ્બર મહિનામાં સામાન્યથી વધારે વરસાદની આગાહી વચ્ચે, ભારતીય હવામાન વિભાગે બુધવારે આગાહી કરી હતી કે સમગ્ર દેશમાં એકંદર મોસમી વરસાદ (જૂન-સપ્ટેમ્બર) સામાન્યથી ઓછો થવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગે જૂનમાં દેશ માટે સામાન્ય (લાંબા ગાળાની સરેરાશના ૯૬-૧૦૪%) ચોમાસાની આગાહી લાંબા ગાળાની સરેરાશના (એલપીએ) ૧૦૧% પર કરી હતી. ઓગસ્ટમાં ૨૪.૧ ટકા જેટલા વરસાદની ભારે અછતના કારણે એલપીના લગભગ ૯૬ ટકા પર 'સામાન્યથી ઓછો' તરીકે અપડેટ કરીને તેની અગાઉની આગાહીને સુધારવાની ફરજ પડી હતી.

જૂન-સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન એકત્રિત મોસમી વરસાદને સામાન્ય ગણવામાં આવે છે, જ્યારે તે લાંબાગાળાની સરેરાશના ૯૬-૧૦૪% પડે છે. ૧૯૬૧-૨૦૧૦ના સમયગાળા માટે સમગ્ર દેશમાં મોસમી વરસાદનો એલપીએ ૮૮૦ મીમી છે.



સપ્ટેમ્બરમાં સારો વરસાદ જો કે તારણહાર બની શકે છે કારણ કે આઈએમડીના નવ વિકસિત મલ્ટી-મોડેલ એન્સેમ્બલ (એમએમઈ) આધારિત આગાહી પ્રણાવી દર્શાવે છે કે, સપ્ટેમ્બર દરમિયાન સમગ્ર દેશમાં સામાન્ય કરતાં વધુ (એલપીએના ૧૦૦ ટકા) વરસાદ થવાની શક્યતા છે. ૧૯૬૧-૨૦૧૦ના ડેટાના આધારે સપ્ટેમ્બર દરમિયાન વરસાદનો એલપીએ આશરે ૧૭૦ મીમી છે.

● અનુસંધાન પાન-૭ પર

# હૈબતુલ્લાહ અખુંદજાદાના અફઘાનના સર્વોચ્ચ નેતા

**તાલિબાને વરણીને સમર્થન આપ્યું : તાલિબાને જાણકારી આપી છે કે હૈબતુલ્લાહ અખુંદજાદાના માર્ગદર્શન મુજબ એક વડાપ્રધાન કે રાષ્ટ્રપ્રમુખ દેશ ચલાવશે**

કાબુલ,તા.૨

અફઘાનિસ્તાનમાં તાલિબાને ઘોષણા કરી છે કે મુલ્લા હૈબતુલ્લાહ અખુંદજાદા તેમના સર્વોચ્ચ નેતા હશે. એક રિપોર્ટ મુજબ, તાલિબાને આ જાણકારી આપી છે કે અખુંદજાદાના માર્ગદર્શન મુજબ એક વડાપ્રધાન કે રાષ્ટ્રપ્રમુખ દેશ ચલાવશે. તાલિબાનના સાંસ્કૃતિક આયોગના સભ્ય અનામુલ્લા સમાંગાનીએ કથિત રીતે કહ્યું કે, અખુંદજાદા નવી સરકારના નેતા પણ હશે. વેબસાઈટે તાલિબાનના રાજનીતિક કાર્યાલયના નેતા શેર મોહમ્મદ અબ્બાસ સ્ટાનિજકઈના હવાલાથી જણાવ્યું કે, ઈસ્લામિક અમિરાત આગામી બે દિવસમાં પોતાની નવી સરકારની ઘોષણા કરશે. સૂત્રોએ પહેલા જણાવ્યું હતું કે, તાલિબાની, ઈરાન મોડલના આધાર પર સરકાર બની રહી છે. તેમાં એક ઈસ્લામી ગણરાજ્ય હશે જ્યાં સર્વોચ્ચ નેતા રાજ્યના પ્રમખ હોય છે. તેઓ સર્વોચ્ચ ધાર્મિક અને રાજકીય વ્યક્તિ પણ હશે. ત્યાં સુધી કે તેઓ રાષ્ટ્રપ્રમુખથી પણ ઉપર હશે. સમાંગાનીએ જણાવ્યું કે, નવી સરકાર પર ચર્ચા-વિચારણા લગભગ થઈ ગઈ છે અને કેબિનેટ વિશે આવશ્યક ચર્ચા પણ થઈ ચૂકી છે. અમે જે ઈસ્લામી સરકારની ઘોષણા કરીશું તે લોકો માટે મોડલ હશે. સરકારમાં કમાન્ડર (અખુંદજાદા)ની ઉપસ્થિતિ પર કોઈ સંદેહ નથી. તેઓ સરકારના નેતા હશે અને તેમની સામે કોઈ સવાલ નહીં જોઈએ. અખુંદજાદા ક્યારેય સામે નથી આવ્યા અને તેમના ઠેકાણાઓ



વિશે પણ કોઈ ખાસ જાણકારી નથી. માનવામાં આવી રહ્યું છે કે નવી સરકારમાં તેઓ કંધારથી કામ કરશે. આ દરમિયાન, બિનસત્તાવાર રિપોર્ટ મુજબ, આગામી સરકારમાં એક વડાપ્રધાનનું પદ પણ હશે. તાલિબાન પહેલા જ વિભિન્ન પ્રાંતો અને જિલ્લાઓ માટે ગવર્નર, પોલીસ પ્રમુખ અને પોલીસ કમાન્ડર નિયુક્ત કરી ચૂક્યું છે. તાલિબાનના એક સભ્ય અબ્દુલ હનાન હક્કાનીએ જણાવ્યું કે, ઈસ્લામિક અમીરાત દરેક પ્રાંતમાં સક્રિય છે.

# તેજી : સેન્સેક્સની ૫૧૪ પોઈન્ટની છલાંગ

**નિફ્ટી ૧૭૨૦૦ પાર : આઈટી અને એફએમસીજી સ્ટોકમાં ચાંદી, ટાટા કન્સ્ટલટન્સી સર્વિસિસના શેરમાં સૌથી વધુ ૩.૩૪ ટકાના વધારો**

મુંબઈ, તા.૨

સ્થાનિક શેર બજાર ગુરુવારે વધારા સાથે બંધ થયા. બીએસઈ સેન્સેક્સ ૫૧૪.૩૩ પોઈન્ટ એટલે કે ૦.૯૦ ટકાના ઊછાળા સાથે ૫૭,૮૫૨.૫૪ પોઈન્ટના સ્તરે બંધ થયો. એનએસઈ નિફ્ટી પણ ૧૫૭.૯૦ પોઈન્ટ એટલે કે ૦.૯૨ ટકાના વધારા સાથે ૧૭,૨૩૪.૧૫ પોઈન્ટના સ્તરે બંધ થયો. નિફ્ટી પર શ્રી સિમેન્ટ, એચડીએફસી લાઈફ, સિપ્લા, ટીસીએસ અને હિંદુસ્તાન યૂનિલિવર લિમિટેડના શેર સૌથી વધુ તેજી સાથે બંધ થયા. બીજી બાજુ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઓએનજીસી, બજાજ ઓટો, ડિવિસ લેબ, ટાટા મોટર્સના શેરમાં સૌથી વધુ ગિરાવટ જોવા મળી. ઓટો પીએસયૂ બેક્નને બાદ કરતા અન્ય તમામ સેક્ટોરલ ઈન્ડેક્સ લીલા નિસાન પર બંધ થયા. આઈટી અને ફાર્મા સેક્ટરમાં એક-એક ટકાનો ઊછાળો નોંધાયો. બીએસઈ મિડકેપ અને સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૦.૫-૦.૫ ટકાનો વધારો જોવા મળ્યો.

સેન્સેક્સ પર ટાટા કન્સ્ટલટન્સી સર્વિસિસના શેરમાં સૌથી વધુ ૩.૩૪ ટકાના વધારો નોંધાયો. તો વળી હિંદુસ્તાન યૂનિલિવર લિમિટેડના શેરોમાં

● અનુસંધાન પાન-૭ પર




# કાશ્મીરના અલગતાવાદી નેતા અલી શાહ ગિલાનીનું નિધન

**પાકિસ્તાની સમર્થક કાશ્મીરી અલગતાવાદી નેતાનું શ્રીનગરના હેદરપોરા સ્થિત ઘરે નિધન**

શ્રીનગર , તા.૨

કાશ્મીરના અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાનીનું શ્રીનગરમાં બુધવારે રાત્રે નિધન



થઈ ગયું. તેઓ ૯૨ વર્ષના હતા. શ્રીનગરના હેદરપોરા સ્થિત ઘરે તેમનું નિધન થઈ ગયું. તેમના નિધન પર ઘણા નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે. તો, સૈયદ અલી શાહ ગિલાનીના નિધનને પગલે કાશ્મીર ઘાટીમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવાઈ છે. આઈજીપી કાશ્મીર વિજય કુમારે જણાવ્યું કે, કાશ્મીરમાં ઈન્ટરનેટ સેવા ખોટવાઈ ગઈ છે.

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહબૂબા મુફતીએ ટ્વીટ કરી શોક વ્યક્ત કરતા લખ્યું કે, ગિલાની સાહબના નિધનના સમાચારથી દુખી છું. અમે મોટાભાગની વાતો પર સંમત નથી થઈ શકતા, પરંતુ હું તેમની દ્રઢતા અને વિશ્વાસોની સાથે ઊભા રહેવા માટે તેમનું સન્માન કરું છું. અલ્લાહ તઆલા તેમને જન્નત આપે અને તેમના પરિવારને આ દુખને સહન કરવાની શકિત આપે.

કાશ્મીરી નેતા સૈયદ અલી શાહ ગિલાનીનો જન્મ ૨૯ સપ્ટેમ્બર, ૧૯૨૯એ થયો હતો. તેઓ ભારતીય કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં એક પાકિસ્તાની સમર્થક કાશ્મીરી અલગતાવાદી નેતા તરીકે જાણીતા હતા. તેઓ પહેલા જમાત-એ-ઈસ્લામી કાશ્મીરના સભ્ય હતા, પરંતુ બાદમાં તહરીક-એ-હુર્રિયતની સ્થાપના કરી હતી.

તેઓ જમ્મુ-કાશ્મીરમાં અલગતાવાદી સમર્થક દળોના સમૂહ, ઓલ પાર્ટીઝ હુર્રિયત કોન્ફ્રન્સના અધ્યક્ષ રહ્યા હતા. તેઓ ૧૯૭૨, ૧૯૭૭ અને ૧૯૮૭માં જમ્મુ-કાશ્મીરના સોપોરથી ધારાસભ્ય પણ રહ્યા હતા. જોકે, તેમણે જૂન ૨૦૨૦માં હુર્રિયત છોડી દીધું હતું. ગિલાનીને પાકિસ્તાનના સર્વોચ્ચ નાગરિક સન્માન અપાયું હતું. હુર્રિયત નેતાને આ સન્માન પાકિસ્તાનના પ્રેસિડન્ટ આરિફ રિઝવીએ આપ્યું હતું.

# કેરળમાં કથળતી સ્થિતિ વચ્ચે દેશમાં ૪૭૦૯૨ નવા કેસ

**દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૩,૨૮,૫૭,૯૩૭ થઈ, બીજી તરફ દેશમાં કુલ ૬૬,૩૦,૩૭,૩૩૪ લોકોને કોરોના વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે**





નવી દિલ્હી,તા.૨

ભારતમાં કોરોના સંક્રમણ ફરીથી ટેન્શન વધારી રહ્યું છે. એક જ દિવસમાં ૪૭ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે, જ્યારે મૃત્યુઆંકે પણ ૫૦૦ના આંકને વટાવી દીધો છે. કેરળમાં સંક્રમણનો કહેર સતત વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૩૨ હજારથી વધુ કોરોના વાયરસના કેસ નોંધાયા છે. આ ઉપરાંત ૧૭૩ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. ત્યારબાદ બીજું રાજ્ય જેમાં કોવિડ-૧૯ કેસ વધી રહ્યા છે તે છે મહારાષ્ટ્ર. અહીં એક દિવસમાં ૪,૪૫૬ કેસ નોંધાયા છે અને ૧૮૩ દર્દીનાં મોત થયા છે. તો ગુજરાતમાં તહેવારોની ઉજવણી વચ્ચે પણ સંક્રમણના કેસ કાબૂમાં છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૧૩ નવા કેસ નોંધાયા છે અને એક પણ દર્દીનું મોત નથી થયું. સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરુવાર સવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૭,૦૯૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૦૯ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૨૮,૫૭,૯૩૭ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૬૬,૩૦,૩૭,૩૩૪ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૧,૦૯,૨૪૪ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કોવિડ-૧૯ મહામારી સામે લડીને ભારતમાં ૩ કરોડ ૨૦ લાખ ૨૮ હજાર ૮૨૫ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૫,૧૮૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ભારતમાં હાલ રિકવરી રેટ ૯૭.૫૦ ટકા છે. હાલમાં ૩,૮૯,૫૮૩ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં કુલ ૪,૩૯,૫૨૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. આ ઉપરાંત, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધીમાં કુલ ૫૨,૪૮,૬૮,૭૩૪ કોરોના સેમ્પલનંક ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. બુધવારના ૨૪ કલાકમાં ૧૬,૮૪,૪૪૧ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

# ૧૦૦ કરોડ વસૂલી કેસમાં દેશમુખના વકીલની ધરપકડ

**મહત્વના દસ્તાવેજ લિક કરવાનો સીબીઆઈનો આરોપ સીબીઆઈ દ્વારા પોતાના સબ ઈન્સ્પેક્ટરની ધરપકડ**

મુંબઈ, તા.૨

મહારાષ્ટ્રના પૂર્વ ગૃહ મંત્રી અનિલ દેશમુખ પર લાગેલા ૧૦૦ કરોડની વસૂલીના આરોપમાં સીબીઆઈ દ્વારા તેમના વકીલની ધરપકડ કરવામાં આવી છે.

વકીલને દિલ્હી લાવવામાં આવ્યા છે. આ કેસમાં પોલીસ બે લોકોની ધરપકડ કરી ચુકી છે. તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. દરમિયાન અનિલ દેશમુખના વકીલનુ નામ આનંદ દાગા હોવાનુ બહાર આવ્યુ છે. તેમના પર મહત્વના દસ્તાવેજો લીક કરવાનો આરોપ છે. વકીલ અનિલ દેશમુખ માટે કામ કરતા હોવાનુ સીબીઆઈનુ કહેવુ છે. દરમિયાન ૧૦૦ કરોડ રૂપિયાની વસૂલીના મામલામાં સીબીઆઈ દ્વારા પોતાના જ એક સબ ઈન્સ્પેક્ટરની ધરપકડ કરવામાં આવી છે.એવો આરોપ છે કે, આ અધિકારી દ્વારા દેશમુખ સામેની તપાસને પ્રભાવિત કરવા માટે લાંચ માંગવામાં આવી હતી. બીજી તરફ અનિલ દેશમુખે હાઈકોર્ટમાં ઈડી દ્વારા શરૂ કરાયેલી મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે પાઠવવામાં આવેલા સમન્સને પણ રદ કરવાની પિટિશન કરેલી છે.

# પશ્ચિમ બંગાળની હિંસા મામલે સીબીઆઈ દ્વારા ૩૪ ફરિયાદ દાખલ

કોલકાતા, તા.૨

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ ભાજપના કાર્યકરોને ટાર્ગેટ કરીને થયેલી હિંસામાં સીબીઆઈ દ્વારા અત્યાર સુધીમાં ત્રણ ડઝન ફરિયાદો નોંધવામાં આવી છે અને ગુરૂવારે બીજી ત્રણ ફરિયાદો નોંધી છે. આમ સીબીઆઈ દ્વારા અત્યાર સુધીમાં બંગાળ હિંસામાં ૩૪ ફરિયાદો દાખલ કરવામાં આવી છે

સીબીઆઈ દ્વારા વિવિધ જિલ્લાઓમાં હિંસાથી પ્રભાવિત લોકોની મુલાકાત કરવામાં આવી રહી છે. બીજી તરફ મમતા

● અનુસંધાન પાન-૭ પર

એક Bazaar®

એક દેશ • એક માર્કેટ

ઘણી ભાષાઓ

ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ

અબ દુનિયા સે આપકા ધંધા આપકી ભાષામે બૈઠે બૈઠે

૧ મહિના માટે ચાર્જ ફક્ત

ખેડુત ૧૦૦/- | કારીગર ૧૫૦/- | SME & MSME ૨૫૦/-

ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઈન કરો

www.ekbazaar.com

M. 9019217734, 7676911802

Help Line : 18003091349

# અભિનેતા સિધ્ધાર્થ શુક્લાનું નિધન

**જાણીતા ટીવી અભિનેતા-બિગ બોસ-૧૩ના વિજેતા : અભિનેતાના ૪૦ વર્ષની વયે હાર્ટ એટેકથી મોતના સમચારથી મનોરંજન ઈન્ડસ્ટ્રીમાં શોક**

મુંબઈ, તા.૨

પોપ્યુલર ટીવી એક્ટર અને 'બિગ બોસ ૧૩'ના વિજેતા રહી ચૂકેલા સિદ્ધાર્થ શુક્લાનું નિધન થયું છે. ૪૦ વર્ષીય સિદ્ધાર્થ શુક્લાનું વહેલી સવારે હાર્ટ અટેકના લીધે નિધન થયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સિદ્ધાર્થ શુક્લા રાત્રે દવા લઈને સૂઈ ગયો હતો પરંતુ દવા શેની હતી તેની કોઈ જાણકારી મળી નથી. સિદ્ધાર્થના મૃતદેહનું હાલ મુંબઈની કૂપર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ થયું.

મીડિયા રિપોર્ટ પ્રમાણે,



સિદ્ધાર્થ શુક્લાને કૂપર હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. સિદ્ધાર્થ શુક્લા પોતાની પાછળ મા અને બે બહેનોને રડતા મૂકીને ગયો છે.

સિદ્ધાર્થના મોતની ખબર સાંભળીને આખી મનોરંજન ઈન્ડસ્ટ્રી શોકમાં છે. સેલેબ્સે સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કરી રહ્યા છે. સિદ્ધાર્થને શ્રદ્ધાંજલિ આપતાં એક્ટર ગૌતમ રોડેએ લખ્યું, જિંદગી અણધારી છે. સિદ્ધાર્થના અવસાનના સમાચાર સાંભળીને આઘાત લાગ્યો છે.

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ા, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬

ફોન નં. ૨૩૨૪૭૨૧૫/૧૬, ૨૩૨૨૧૯૮૫

વાર્ષિક સાધારણ સભાની નોટિસ

આથી બેંકના સભાસદોને જણાવવાનું કે, બેંકની ૪૭મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૬/૯/૨૦૨૧ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે કોવિડ-૧૯ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વર્ચ્યુઅલ-ઓનલાઈન રાખેલ છે. જેની લીંક બેંકમાં રજીસ્ટર કરાવેલ મોબાઈલ નંબર ઉપર એસ.એમ.એસ. દ્વારા મોકલી આપવામાં આવશે. તો દરેક સભાસદશ્રીઓને જોડાવવા વિનંતી છે.

બેંકનો વાર્ષિક અહેવાલ બેંકની નજીકની શાખામાંથી મળી શકશે તથા બેંકની વેબસાઈટ www.gncb.co.in ઉપર પણ ઉપલબ્ધ છે.

વિપુલ આર. પટેલ
મેનેજીંગ ડિરેક્ટર

સભાસદો તથા ખાતેદારોએ મોબાઈલ નંબર તથા કે.વાય.સી. બેંકમાં જમા ન કરાવ્યા હોય તો તાત્કાલિક જમા કરાવવા વિનંતી.